Friday
05.05.2023
*Volume :7 * Issue No.276
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય શ્રી પ્રકાશસિંહ બાદલની 'અંતિમ અરદાસ' માં ભાગ લીધો અને શ્રી મુકતસર સાહિબ, પંજાબ ખાતે તેમને શ્રદ્ધાંજલિ આપી

## શ્રી પ્રકાશસિંહ બાદલજીની ગેરહાજરીને કારણે માત્ર પંજાબને જ નહીં પરંતુ સમગ્ર દેશની રાજનીતિ અને સામાજિક નેતૃત્વને ક્યારેય ન ભરપાઈ થાય એવું નુકસાન થયું છે







## શ્રી પ્રકાશ સિંહ બાદલજી પાસેથી કંઈકને કંઈક શીખ્યા છે, ચેતના પ્રાપ્ત કરી છે અને તેમણે હંમેશા સાચો રસ્તો બતાવવાનો પ્રયાસ કર્યો છે, આટલી પારદર્શિતા સાથે રાજકીય જીવનમાં કોઈ મહાન વ્યક્તિ સિવાય કોઈ સલાહ આપી શકે નહીં

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પંજાબમાં શ્રી મુક્તસર સાહિબ ખાતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય શ્રી પ્રકાશસિંહ બાદલની 'અંતિમ પ્રાર્થના'માં ભાગ લીધો હતો અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી અમિત શાહે કહ્યું કે શ્રી પ્રકાશ સિંહ બાદલજીની ગેરહાજરીને કારણે માત્ર પંજાબ જ નહીં પરંતુ સમગ્ર દેશની રાજનીતિ અને સામાજિક નેતૃત્વને ક્યારેય ન ભરપાઈ થાય એવું નુકસાન થયું છે. તેમણે કહ્યું કે બાદલજીના જવાથી સર્જાયેલા શૂન્યાવકાશને ભરવો ખૂબ મુશ્કેલ હશે.

શ્રી શાહે કહ્યું કે, બાદલજીના નિધનથી શીખ સમુદાયે એક સાચા સૈનિક, દેશભકત, ખેડૂતોના સાચા સહાનુભૂતિ અને રાજનીતિના ઉચ્ચ માપદંડો સ્થાપિત કરનાર એક મહાન વ્યક્તિ ગુમાવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ૭૦ વર્ષના લાંબા સાર્વજનિક જીવન પછી વ્યકિત વિદાય લે છે અને તેની પાછળ કોઈ વિરોધી નથી, બાદલ સાહેબ સિવાય અજાતશત્રુ જેવું જીવન કોઈ જીવી શક્યું નથી.

શ્રી શાહે કહ્યું કે તેઓ હંમેશા બાદલજીને મળીને કંઈક ને કંઈક શીખ્યા, ચેતના પ્રાપ્ત કરી અને તેમણે હંમેશા સાચો માર્ગ બતાવવાનો પ્રયાસ કર્યો. આટલી પારદર્શિતા સાથે રાજકીય જીવનમાં કોઈ મહાન માણસ સિવાય કોઈ સલાહ આપી શકે નહીં. શ્રી અમિત શાહે કહ્યું કે, પ્રકાશ સિંહ બાદલ પંજાબ વિધાનસભાના સૌથી લાંબા સમય સુધી સભ્ય રહ્યા અને બાદલ સાહેબ ૫ વખત પંજાબના મુખ્યમંત્રી બન્યા અને નવા પંજાબનો પાયો નાખ્યો, તેમના જવાથી ભાઈચારાનો નેતા ગયો. તેમણે તેમનું આખું જીવન હિંદુ-શીખ એકતા માટે સમર્પિત કર્યું અને રાજકારણમાં ઘણા વિરોધોનો સામનો કરવા છતાં, બાદલ સાહેબે હંમેશા બધાને એક રાખવાનો પ્રયાસ કર્યો. શ્રી શાહે જણાવ્યું હતું કે, જાહેર અને રાજકીય જીવનમાં આવી વ્યક્તિ દીવો કરીને પણ મળવી અશક્ય છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે ૧૯૭૦થી આજ સુધી જ્યારે પણ દેશ માટે ઊભા રહેવાની તક મળી ત્યારે બાદલ સાહેબે ક્યારેય પીછેહઠ કરી નથી. શ્રી શાહે કહ્યું કે સરદાર પ્રકાશ સિંહ બાદલ એવા વ્યકિત હતા કે જેઓ જાહેર જીવનમાં સૌથી લાંબો સમય જેલમાં રહીને સિદ્ધાંતો અને સંપ્રદાય માટે લડ્યા હતા. ઈમરજન્સી દરમિયાન લોકશાહીની રક્ષા માટે બાદલ સાહેબ ખડકની જેમ ઉભા રહ્યા, કારગિલ યુદ્ધ હોય કે આતંક સામેની લડાઈ, દરેક મોરચે આકાશ જેવા ઉંચા વ્યકિતત્વ ધરાવતા બાદલ સાહેબ હંમેશા દેશના હિતમાં ઉભા રહેતા જોવામળ્યા. એક ઢાલ. તેમણે કહ્યું કે કારગિલ યુદ્ધ હોય કે આતંક સામેની લડાઈ હોય, દરેક મોરચે આકાશ જેવું ઉંચુ વ્યક્તિત્વ ધરાવતા બાદલ સાહેબ દેશના હિતમાં હંમેશા ઢાલની જેમ ઉભા રહેતા જોવા મળ્યા હતા.

શ્રી શાહે કહ્યું કે બાદલ સાહેબનું નિધન સમગ્ર દેશ માટે મોટી ખોટ છે. શ્રી અમિત શાહે કહ્યું કે આપણે બધાએ બાદલજીના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ અને વાહેગુરુ આપણને બધાને તેમણે જે માર્ગપર ચાલવાનું શીખવ્યું છે તેના પર ચાલવાની શક્તિ આપે.

# RTE હેઠળ પ્રથમ રાઉન્ડમાં ૫૪,૯૦૩ બાળકોને પ્રવેશ અપાશે

## વિદ્યાર્થીઓએ આગામી ૧૩મે સુધીમાં જે-તે શાળામાં રૂબરૂ જઇને પ્રવેશ મેળવી લેવાનો રહેશે




કમલમ્ ન્યુઝ,
રાજ્ય સરકાર દ્વારા સંપુર્ણ પારદર્શી રીતે ઈ઼ઈ હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. RTE ACT હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ૯૮,૫૦૧ જેટલી અરજીઓ ઓનલાઈન પ્રાપ્ત થઈ હતી. જેમાંથી ૬૮,૧૩૫ જેટલી અરજીઓ માન્ય ઠેરવવામાં આવી હતી. ૧૪,૫૩૨ જેટલી અરજીઓ અધુરા દસ્તાવેજો જેવા વિવિધકારણોસર અમાન્ય ઠેરવાઈ હતી જયારે ૧૫,૮૩૪ જેટલી અરજીઓ અરજદાર દ્વારા કેન્સલ કરવામાં આવી હતી તેમ નાયબ શિક્ષણ નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુંસાર રાજયની કુલ ૯,૮૫૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૮૨,૮૨૦ જેટલી જગ્યાઓ RTE હેઠળ ભરવાની હતી. જે પૈકી વિધાર્થીઓની પસંદગી અને ૬ કી.મી.ની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમ અનુસાર પ્રથમ રાઉન્ડમાં ૫૪,૯૦૩ જેટલા વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જયારે પ્રથમ રાઉન્ડની પ્રવેશ ફાળવણીને અંતે રાજયમાં ૨૭,૯૧૭ જેટલી જગ્યાઓ અરજદારોની પસંદગીનાં અભાવે ખાલી રહીછે. RTE હેઠળ પ્રથમ રાઉન્ડના પ્રવેશ અંગેવાલીઓને SMS થી જાણ કરવામાં આવીછે.આ તમામ વિદ્યાર્થીઓએ આગામી તા. ૧૩/૦૫/૨૦૨૩, શનિવાર સુધીમાં જે-તે શાળામાં રૂબરૂ જઈને પ્રવેશ મેળવી લેવાનો રહેશે. પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેતી જગ્યાઓ ઉપર વધુમાં વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપીશકાય તે માટે જે બાળકોને પ્રવેશ ફાળવવામાં નથી આવ્યા તેવા અરજદારોને બીજા રાઉન્ડ પૂર્વે શાળાઓની પુનઃ પસંદગીની તક આપવામાં આવશે. ત્યારબાદ બીજા રાઉન્ડની નિયમાનુસાર પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે "એનર્જી કન્ઝર્વેશન ટુવર્ડ્સ નેટ ઝીરો એન્ડ નેચર પોઝિટિવ" પર કોક્લેવનું આયોજન

કમલમ્ ન્યુઝ,
ગુજરાત સાયન્સ સિટીમાં ૫ મે, શુક્રવારના રોજ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ઉર્જા સંરક્ષણ માટેનું સૌથી મોટું કેમ્પેઈન શરૂ થઈ રહ્યું છે. સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા 'સક્ષમ -૨૦૨૩' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેની થીમ છે 'નેટ ઝીરો તરફ ઉર્જા સંરક્ષણના માર્ગો'. ગુજરાત સાયન્સ સિટીમાં ઓડિટોરિયમ-૧ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે કોક્લેવનું આયોજન થશે. જેમાં ઉર્જા સંરક્ષણ અંગે ચર્ચા થશે. આવતા વર્ષોમાં નેટ ઝીરો કઈ રીતે થાય અને નેચરને પોઝિટિવ કઈ રીતે બનાવવું તે અંગે પેનલ ડિસ્કશન થશે. આ ઉપરાંત સાંજના સમયે વોકાથોનનું પણ આયોજન કરાશે. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાશે. ઉલ્લેખનીય છે કે 'સક્ષમ' એ એક મહિનાના સમયગાળા માટેનો PCRA (Paroleum Conservation Research Association) નો વાર્ષિક પ્રમુખ કાર્યક્રમ છે. સ્વાસ્થ્ય અને પર્યાવરણની સુરક્ષા માટે ઈંધણ સંરક્ષણની આવશ્યકતા અંગે નાગરિકોને જાગૃત કરવાની સાથે સાથે ક્રૂડ ઓઈલની આયાત પરની ભારતની નિર્ભરતા ઓછી કરવામાં મદદ કરવાનો તેનો હેતુ છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાઈ રહેલા આ કોક્લેવમાં ઉર્જા ઉદ્યોગ અને સંબંધિત ક્ષેત્રોના તથા શિક્ષણ જગતના નિષ્ણાતો નેટ ઝીરો લક્ષ્ય મેળવવા માટે જુદી જુદી પદ્ધતિઓ અંગે ચર્ચા કરશે. આ ઈવેન્ટ દરમિયાન તમામ સહભાગીઓ સાયન્સ સિટીની તમામ ગેલેરી જેવી કે રોબોટિક્સ ગેલેરી, એકવેટિક ગેલેરી, નેચર પાર્ક, એનર્જી એજ્યુકેશન પાર્ક, હોલ ઓફ સ્પેસ અને હોલ ઓફ સાયન્સ, લાઈફ સાયન્સ પાર્ક, પ્લેનેટ અર્થની પણ મુલાકાત લેશે. નેટ ઝીરો તરફ ઉર્જા સંરક્ષણના માર્ગો' ની થીમના ઉદ્દેશ્યને પ્રોત્સાહન આપવા માટે ૠજીઝના સંયુક્ત સહયોગ સાથે ઓઈલ ઈન્ડસ્ટ્રી દ્વારા સાયન્સ સિટી ઓડિટોરિયમ-૧ ખાતે આ કોક્લેવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. 'સક્ષમ' અભિયાન દરમિયાન શાળાના બાળકો, યુવાનો, એલપીજીના ઉપયોગકર્તાઓ, જુદા જુદા વાહનચાલકો, ઉદ્યોગ કર્મીઓ, શ્રમિકો, ખેડૂતો, રહેણાંક સોસાયટી, ગ્રામ પંચાયતો, બિન સરકારી સંગઠનો જેવા વિવિધ જનવર્ગો સુધી પહોંચીને તેમને વિવિધ ઈંધણ સંરક્ષણનું મહત્વ, લાભ અને પદ્ધતિઓ વિશે તેમજ બળતણની કાર્યક્ષમ તકનીક અને પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહન આપવા માટે વિવિધ ઈંધણ સંરક્ષણ પ્રવૃત્તિઓ વિશે સમજાવવામાં આવે છે. મહત્વનું છે કે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC) એ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કામ કરે છે.

૨૦૦૧ થી વિજ્ઞાન થીમ આધારિત પ્રદર્શનો, કાર્યકારી મોડેલ્સ, ઈન્ટરેક્ટિવ શૈક્ષણિક સત્રો અને મનોરંજક વિજ્ઞાન આધારિત લેબ દ્વારા મનોરંજન સાથે શિક્ષણ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે સાયન્સ સિટીમાં મુલાકાતીઓ અને શાળાઓ માટે શૈક્ષણિક શિબિરો અને વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

# વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી અત્યાધુનિક ESIC હોસ્પિટલને મંજૂરી-પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

## મધ્યમ ગુજરાતમાં ESIC હોસ્પિટલ નિર્માણ પામતા આરોગ્ય સુવિધાઓ વધુ સુદ્રઢ બનશે



કમલમ્ ન્યુઝ,વડોદરા,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ કેબિનેટ બેઠક બાદ અગત્યના મુદ્દે પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૧૦૦ બેડની નવીન ESIC હોસ્પિટલની મંજૂરી મળી છે

. તેમણે વધુમાં ઉમેર્યુ છે કે, આ હોસ્પિટલ મધ્યગુજરાત ના રહેવાસીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. સાવલી જી.આઈ.ડી.સી. ક્ષેત્ર અને તેની આસપાસમાં જ ૧૫૦૦ થી વધુ ઔધોગિક એકમો આવેલા છે. ઇ.એસ.આઇ. યોજના હેઠળી આવરી લેવાયેલ કર્મચારીઓની સંખ્યા અંદાજીત ૩૫ થી ૪૦ હજાર છે. પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ૧૦૦ પથારીની આ આધુનિક હોસ્પિટલથી સાવલી તાલુકાની ઔધોગિક વસાહતોમાં વસતા શ્રમિકો ઉપરાંત કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓને તબીબી સેવાઓનો લાભ મળશે. તેઓને સ્થાનિક સ્તરે સુપરસ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં તબીબી સેવા ઉપલબ્ધ બનતા તેમના પરિવારજનોને સમય અને મુસાફરીના ખર્ચમાં રાહત મળશે.

વધુ વિગતોમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, રાજ્યના ઔધોગિક ક્ષેત્રની કામગીરી સાથે જોડાયેલા મહત્વના જિલ્લાઓ પૈકીના વડોદરા જિલ્લામાં અને તેમાં પણ સાવલી તાલુકામાં એન્જિનિયરિંગ વર્ક્સ / મેટલ અને કાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ / ઈલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ / સેનિટરી વેર / ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ / આયાત-નિકાસને લગતા કામકાજ વગેરે ચલાવતા ઘણા ઉદ્યોગો, કારખાનાઓ અને ઓફિસો આવી છે. જે મોટી સંખ્યામાં કર્મચારીઓને રોજગારી આપે છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડોદરા જિલ્લામાં સોશ્યલ સિક્યુરિટી કોડ, ૨૦૨૦ના અમલીકરણ પછી કર્મચારીઓની વધતી સંખ્યાને ધ્યાને લઈ અને તેમની આરોગ્ય સુખાકારીની દરકાર રાજ્ય સરકારે કરી છે.હાલમાં આ વિસ્તારના ઈ.એસ.આઈ.માં આવરી લેવાયેલ કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યોને વધુ સારવાર માટે ગોત્રી, વડોદરા ખાતે આવેલી કર્મચારી રાજ્ય વિમા યોજનાની જનરલ હોસ્પિટલમાં જવું પડે છે. હાલોલ ખાતે હોસ્પિટલથી ઈ.એસ.આઈ. માં આવરી લેવાયેલ કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યોને વડોદરા આવવા-જવા મુસાફરીમાં ખર્ચવામાં આવતા નાણાં અને સમયના વ્યયમાંથી રાહત મળશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના રેડિયોકાર્યક્રમ 'મન કી બાત' ના ૧૦૦ માં એપિસોડને મળી રહ્યો છે અભૂતપૂર્વ પ્રતિસાદ



કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દર મહિનાના છેલ્લા રવિવારે ટી. વી. , સોશિયલ મીડિયા અને રેડિયો જેવા માધ્યમો દ્વારા 'મન કી બાત' નામનો કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે. તાજેતરમાં, દેશભરમાં આ કાર્યક્રમનો ૧૦૦ મો લાઈવ એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યો હતો. જેના અન્વયે, જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં વિધાર્થીઓએ અને સ્ટાફ ગણે ઉત્સાહપૂર્વક પ્રધાનમંત્રીશ્રીના રેડિયો કાર્યક્રમનું શ્રવણ કર્યુ હતું. ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન ૪૦૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. વિધાર્થીઓએ પ્રધાનમંત્રીશ્રીના સંભાષણમાંથી પ્રેરણા મેળવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના ડીન શ્રી ડો. નયના પટેલ તેમજ અન્ય સ્ટાફ ગણ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન ઓરલ મેડિસિન અને રેડિયોલોજી વિભાગના વડા અને પ્રાધ્યાપક શ્રી ડો. રીટા ઝા દ્વારા કરવામાં આવ્યું હતું

